સ્ટેટ લેવલ રૂરલ આઈટી કવીઝ સ્પર્ધા ટાઉનહોલ ખાતે યોજાઈ



## @ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ રમેશચંદ્રભાઈ દવેના નિવાસસ્થાન ૫૨/૧, સેકટર-૩-એ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિવંદના બીપીનભાઈ જાનીના નિવાસસ્થાન બ્લોક નં. ૧૧૦/૧, છ ટાઈપ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્નના પાઠ રેખાબેન પટેલના નિવાસસ્થાન ૩૦૭, પ્રાઈવેટ બંગ્લો ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● કલાગુર્જરી સંસ્થા દ્વારા ગુજરાતી ગીતોનો કાર્યક્રમ મૌસમની મસ્તી ટાઉનહોલ, સે-૧૭ ખાતે રાત્રે ૯.૩૦ કલાકે યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર ખાતે પર્યુષણ પર્વ નિમિત્તે અષ્ટાન્હિકા પ્રવચન સવારે ૯ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# શ્રાવણમાં ભાદરવાનો તાપ



ગાંધીનગર, તા. ૧૦

ભાદરવો મહિનો હજુ શરૂ થવામાં છે ત્યારે જ આકરો તડકો સૌને અકળાવી રહ્યો છે. વરસાદના અભાવે અને આકરા તડકાના કારણે મહત્તમ તાપમાન ૩૬.૦ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું છે.

ગાંધીનગરમાં છેલ્લા દોઢેક માસથી વરસાદ સાવ ગાયબ થઈ ગયો છે. વાદળોના પણ ક્યાંય નામોનિશાન નથી. આખો શ્રાવણ માસ વરસાદ વિના સાવ કોરો ગયો છે. આગામી દિવસોમાં પણ વરસાદની કોઈ સિસ્ટમ એક્ટીવ થઈ શકે તેવી શક્યતા ન હોવાથી ભાદરવામાં પણ વરસાદની આશા નથી. વરસાદની ગેરહાજરીમાં તડકો આકરો બનતો જાય છે. ભાદરવાની હજુ તો શરૂઆત નથી થઈ ત્યાં જ અંગ દઝાડતો તડકો ગાંધીનગરાઓને હેરાન પરેશાન કરી રહ્યો છે. સવારથી જ તીવ્ર તડકો પડવા માંડે છે. બપોરથી સાંજ સુધી તો ઘરની બહાર નીકળી શકાતુ નથી. બફારો પણ ખુબ થતો હોવાથી વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ જાય છે. પવનની ગતિ પણ સાવ મંદ રહેતા કોઈ રાહત મળતી નથી. આજે મહત્તમ તાપમાન ૩૬.૦ ડિ.સે. સુધી પહોંચી જતાં ભર ઉનાળા જેવી આકરી ગરમી અનુભવાઈ હતી.

રાત્રી ગરમ્યાન લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડિ.સે. રહેતા રાત્રે પણ ખુબ ગરમી લાગતી હતી. હવે તો વરસાદ આવે અથવા તો કુદરતી રીતે જ તાપમાન ઘટે તો રાહત થઈ શકે તેમ છે.

# સ્ટેટ લેવલ રૂરલ આઈટી કવીઝ સ્પર્ધા ટાઉનહોલ ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય સ્તરની રૂરલ આઈ.ટી. કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાજયભરમાંથી ૬૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગ્રામ્ય વિસ્તારના બાળકોને ઈન્ફોર્મેશન ટેકનોલોજીથી જાગ્રત કરવા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ નંબરે સોનગઢ તાલુકાની એમ.જે.સી.કે.આર. હાયર સેકન્ડરી સ્કુલ વિજેતા બની હતી. સો-૧૭ ટાઉનહોલ ખાતો રાષ્ટ્રીયસ્તરની રૂરલ આઈટી કવીઝ સ્પર્ધાનું આયોજન આઈટી વિભાગ, બીટી વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કર્ણાટક સરકાર અને ટાટા કન્સલટન્સી સર્વિસ દ્વારા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયભરના ૩૩ જિલ્લાઓમાંથી ધો-૮ થી ૧૨ની ૩૩૦ ટીમોના ૬૬૦ વિદ્યાર્થીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં જોડાયા હતા. આ કિવઝ આર્ટીફીશયલ ઈન્ટેલીજન્સના વિષય પર હતો. એનીમેશન આધારિત કિવઝના પાંચ રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. જેમાં નોલેજ એન્જીનિયરીંગ, મીન્સ એન્ડ એનાલીસીસ, કોમ્પ્યુટર ટાઈમ, કોગનીટીવ, સેમ્યુલેશન એન્ડ સોશિયલ ઈન્ટેલીજન્સ આ બધા રાઉન્ડ એવા છે કે વિદ્યાર્થીઓમાં



આઈ.ટી. નોલેજમાં વધારો કરી શકે છે. આ કવીઝનો મુખ્ય હેતુ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રમાં ઉપયોગ અંગેનો છે. જેમાં પર્યાવરણ, ટેકનોલોજી, ધંધો અનો એના લોકો, નવી પધ્ધતિઓ, ઈન્ટરનેટ જગત, અવનવી વેબસાઈટો, આઈટી મુળ મંત્ર અને મિતાક્ષરો, પઝલ્સ, આંતરરાષ્ટ્રીય વ્યકિતત્ત્વ, સોફટવેર પ્રોડકટસ, કંપની અને તેની બ્રાન્ડનો સમાવેશ થાય છે.

આઈટીના ઈતિહાસ અને એની રમુજી બાબતો કે જે અસરકારક બની છે એમાં શિક્ષણ, આનંદ, પુસ્તકો, મલ્ટીમીડીયા, સંગીત, ચિત્રપટો, ઈન્ટરનેટ, બેકીંગ, જાહેરાત, રમત-ગમત મોબાઈલ વગેરેનો સમાવેશ થાય છે. આ કવીઝ સ્પર્ધામાં પ્રથમ નંબરે સોનગઢ તાલુકાની એમ.જે.સી.કે.આર. હાયર સેકન્ડરી શાળા, બીજા નંબરે આર.જી. પટેલ શાળા આણંદ, ત્રીજા નંબરે આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કુલ ગીર સોમનાથ વિજેતા બની હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ધનંજય ત્રિવેદીના હસ્તે વિજેતા ટીમોને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા તથા હશિત કાજી, વીપી અને શાળા હેડ ટી.સી.એસ. સહિત શિક્ષકો તેમજ અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, રાજસ્થાન અને કર્ણાટક રાજયના વિજેતા ખેલાડીઓ આગામી તા. ૮ ઓકટોબર ૨૦૧૫ના રોજ રાષ્ટ્રીય સ્તરની રૂરલ કિવઝની ફાઈનલમાં બેંગ્લોર ખાતે આમંત્રીત થશે.

## વાતવાતમાં

● ગતિશીલ ગુજરાતના નવા સચિવાલયના બે મેઈનગેટનું નવીનીકરણનું કાર્ય છેલ્લા પાંચેક માસથી ચાલી રહ્યું છે. આ કાર્ય હજુ કેટલો સમય ચાલશે તે અટકળનો વિષય છે.

● ઘ-૨ થી ગ-૨ તરફના માર્ગે સે-૩ની ચોકડી પાસે એક નવી નક્કોર સ્વીફટ ડીઝાયર કાર જેની પરથી રિબીન પણ ઉતારવામાં નહોતી આવી તે રોડ વચ્ચેના ડીવાઈડર સાથે ભટકાઈ હતી. આમ પણ આ જગ્યાએ વારંવાર અકસ્માત સર્જાય છે.

● ગ-૧ સર્કલ પાસે જ મુખ્ય માર્ગ પર મોટો ખાડો પડી જવા પામ્યો છે. આ ખાડાને કારણે કોઈ વાહનચાલક પડી ના જાય તે માટે સેવાભાવી નગરજને ખાડામાં ઉભા કરેલ ઝાડના ડાળાથી બચીને રહેવાની જરૂર છે.

● વાવોલને સે-૫ સાથે જોડતા હરિનગર રેલવે ફાટકથી ખ રોડ સુધીના માર્ગનું નવીનીકરણ હાથ ધરાયું છે. શોર્ટકટ તરીકે ઉપયોગમાં લેવાતા રસ્તાના આ ટુકડાને ધ્યાને લેવાતા વાવોલના વાહનમાલિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

● ગાંધીનગરમાં પ્રવેશતા ધોળાકુવા નજીક ફનવર્લ્ડ પાસે બે આખલા બાખડયા હતાં. અન્યને લડતા જોઈ આનંદ અનુભવવાનો શોખ ધરાવતા અસંખ્ય વાહનચાલકો આ નિઃશુલ્ક 'બુલફાઈટ' જોવા ટોળે વળ્યા હતાં.

● સરગાસણ સર્કલ ખ-૦ પાસે દિશા સૂચક બોર્ડ પર 'સરઘાસણ' લખવામાં આવ્યુંછે. આશ્ચર્યની વાત તો એ છે કે અહીં અંગ્રેજીમાં સ્પેલીંગ સાચો લખાયો છે પરંતુ માતૃભાષાની જોડણીમાં જ લોચા માર્યા છે.

- સમીર રામી
9924446645

## વિ. કેર ફાઉન્ડેશન દ્વારા ઉમા ભવનમાં યોગ શિબિર

ગાંધીનગર, તા.૧૦

વિ. કેર ફાઉન્ડેશન દ્વારા ઉમિયા માતાજી સંસ્થાન ઉમાભવન સે-૧૨માં તા. ૧૨મી સપ્ટેમ્બરે સવારે સાડા પાંચ વાગે નિઃશુલ્ક યોગ શિબિર યોજવામાં આવેલ છે. જેમાં નગરજનોએ લાભ લેવા માટે શ્રી રાજુભાઈ એસ. પટેલે મંત્રી વિ. કેર ફાઉન્ડેશને જણાવેલ છે.

## દઢાવ્ય છાસઠ પ્રજાપતિ સમાજનો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૧૦

દંઢાવ્ય છાસઠ પ્રજાપતિ સમાજ, ગોઝારિયા દ્વારા તા. ૧૭મી સપ્ટેમ્બર ગુરૂવારે પ્રથમ જીવન સાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી મેળો મહેસાણા તાલુકાના આખજ મુકામે કડવા પાટીદાર સેવા ટ્રસ્ટના શારદાબા સાંસ્કૃતિક હોલ ખાતે સવારે ૮ થી સાંજના ૫ વાગ્યા દરમ્યાન યોજાશે. આ પસંદગી મેળામાં પ્રજાપતિ સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓએ ભાગ લેવા દંઢાવ્ય છાસઠ પ્રજાપતિ સમાજના હોદ્દેદારોએ અનુરોધ કર્યો છે.

## નગરની ફૂટપાથોને ચાલવા યોગ્ય બનાવો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર વૃક્ષોની ડાળીઓનું સમયસર યોગ્ય ટ્રીમીંગ થતુ ના હોવાના કારણે આ ડાળીઓ એટલી બધી નમી જવા પામી છે કે ફૂટપાથ પર રાહદારીઓને ચાલવાનું પણ મુશ્કેલ બની જવા પામ્યું છે. આ



ઉપરાંત ફૂટપાથ પર ગંદકીનું પ્રમાણ પણ વધી રહ્યું હોવાથી કેટલાક નગરજનો દ્વારા સમયાંતરે વોટરીંગ કરી ફૂટપાથો સ્વચ્છ રાખવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરના મુખ્ય માર્ગો જેવા કે ચ-રોડ, ઘ-રોડ અને ગ-રોડ પર વાહન વ્યવહાર અને આમજનતાની અવરજવર વિશેષ પ્રમાણમાં રહે છે. આ માર્ગોની પૂટપાથો પર રાહદારીઓનું પ્રમાણ વધુ રહે છે. માર્ગની બંને તરફના વૃક્ષોની ડાળીઓ આ ફૂટપાથ પર નમી જવા પામી છે જે રાહદારીઓને ચાલવા માટે ભારે અડચણરૂપ બની રહી છે. આ નમેલી ડાળીઓનું સમયસર ટ્રીમીંગ કરવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકે તેમ છે. આ ઉપરાંત ફૂટપાથ પર અનેક સ્થળે ગંદકીનું પ્રમાણ પણ વધી જવા પામ્યું છે. કેટલાક નગરજનો દ્વારા ફેંકવામાં આવતો કચરો તેમજ રખડતા ઢોર અને કૂતરાં વગેરેની શૌચક્રિયા સહિતના કારણોસર આ ફૂટપાથો પર અસ્વચ્છતા વધવા પામી છે. જો સમયાંતરે ફૂટપાથ પર વોટરીંગ એટલે કે પાણીના ફૂવારો ચલાવવામાં આવે તો આ ગંદકી દૂર થઈ શકે અને રાહદારીઓને ચાલવા માટે ચોખ્ખી ફૂટપાથ મળી શકે તેવી નગરજનો અપેક્ષા સેવી રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ એથ્લેટીક સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીની બહેનોએ જિલ્લાકક્ષાની અથ્લેટીક સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી જીત હાંસલ કરી હતી. સ્પર્ધામાં ભાગ લઈ શાળાની વિદ્યાર્થીની યાત્રી પટેલ ઉંચી કૂદમાં પ્રથમ ક્રમાંક મેળવી વિજેતા બની હતી. ૧૦૦ મીટર હડલ્સમાં ભૂમિ સોલંકી દ્વિતિય ક્રમાંક મેળવી વિજેતા બની હતી અને ૧૦૦ મીટર દોડમાં તેમજ લાંબીકૂદમાં ભાગ્યશ્રી ચંપાવત પ્રથમ તથા દ્વિતિય ક્રમાંક મેળવી વિજેતા બની હતી. પ્રથમ ક્રમાંક મેળવનાર બંને વિદ્યાર્થીનીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. વિજેતા બનેલ વિદ્યાર્થીનીઓને શાળાના વ્યાયામ શિક્ષિક દક્ષાબેન પટેલ હેઠળ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ શાળાના આચાર્યા નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પાણીના વિષય નિષ્ણાત શ્રી ગૌરવ પંડિત દ્વારા જાગૃતતાનો વાર્તાલાપ

ગાંધીનગર, તા.૧૦

જાગૃત નાગરિક પરિષદની દર મહિને વિવિધ યોજનાના નિષ્ણાતોથી જાણકારી મેળવવા માટે મીટીંગ યોજવામાં આવે છે. આ વખતે પાણીના પ્રશ્નોના વિષય નિષ્ણાત શ્રી ગૌરવ પંડિતને આમંત્રિત કરવામાં આવ્યા હતા. અમેરિકાનો અભ્યાસ અને અનુભવ મેળવીને ભારતમાં આવ્યા બાદ સેવાના સંકલ્પે ગાંધીજીના આદર્શોનો ઓળખી-પચાવીને સેવા યજ્ઞ શરૂ કરેલ છે જીવનને ધન્ય બનાવેલ છે. મેળવેલ અનુભવો પાણીના પ્રશ્ને કરેલ અભ્યાસ-પ્રયાસોની ચોકકસ દૃષ્ટાંતો દ્વારા જાણકારી આપી હતી. આવડત અને ઈચ્છાશકિતના અભાવે પાણીનો પ્રશ્ન ગંભીર બન્યો છે તેને પ્રજાના સંયુકત પ્રયાસોથી ઉકેલવા માટે સમજ આપેલ હતી. નિષ્ઠાપુર્વક સહકાર-યોગદાન આપવા પરિષદે આશ્વાસન આપ્યું હતું. પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆ, કાર્યકારી પ્રમુખશ્રી ભાનુભાઈ પુરાણી દ્વારા મહેમાનોનું સ્વાગત અને આભારવિધિ કરેલ હતી.

બીજા તબક્કાની મીટીંગમાં સોંપાયેલા કામોની સમીક્ષા કરવામાં આવેલ હતી. સર્વશ્રી જયંત ભટ્ટ, શ્રી મલીક, શ્રી ઠાકર, શ્રી પરમાર વગરે દ્વારા થયેલ કામોથી બધાને વાકેફ કરેલ હતા. બાકી કામો પૂર્ણ કરવા અધ્યક્ષશ્રીએ જણાવેલ હતું.

પ્રશ્નોની રજુઆતોની યાદી મુખ્ય સચિવશ્રીને મોકલીને સંસ્થા સાથે મીટીંગ ગોઠવવાનું ઉપપ્રમુખ જયંતભાઈ ભટ્ટને જાણ કરવામાં આવી. ઉત્તમ પુસ્તકોની યાદી તૈયાર કરવા માટે પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણીને જણાવવામાં આવેલ હતું. કાર્યકારી પ્રમુખશ્રી જયોતિન્દ્રભાઈ દવે દ્વારા અમુક પ્રશ્નો અંગે ઉલ્લેખ કરવામાં આવેલ હતા તે પ્રશ્નોની ચર્ચા કરાશે.

સંસ્થાની એક મહિના દરમિયાનની બે બેઠકો પૈકી એક બેઠક મહિનાના ત્રીજા ગુરુવારે, સે-૧માં ગાયત્રી મંદિર પાસેના મહાદેવ મંદિરમાં ભગવાનના ચરણોમાં રાખવાનું શ્રી મલીકની સુચનાના આધારે નક્કી કરવામાં આવ્યું હતું. સભામાં ચર્ચા-વિચારણા અને પરામર્શમાં સભ્યોનું મહત્વનું યોગદાન હતું તેમ મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવેલ હતું.

## શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિ વિસર્જન સેવા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા નિઃશુલ્ક અસ્થિ વિસર્જન સેવા છેલ્લા ૧૯ વર્ષથી નિયમિત આપવામાં આવે છે. આ સેવા અંતર્ગત સે. ૩૦ના મુક્તિધામ અંતિમધામ તથા સરગાસણ ખાતે ગુડા નિર્મિત રૂદ્રભૂમિ અંતિમધામ ખાતે કાયમી ધોરણે રખાયેલા અસ્થિકુંભમાં તા. ૧૫મી જુનથી તા. ૧૧મી સપ્ટેમ્બર દરમ્યાન દિવંગત થયેલા સદગતોના અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર ખાતે પવિત્ર ગંગા નદીમાં કરવામાં આવશે. આ અસ્થિ વિસર્જન તા. ૧૪મી સપ્ટેમ્બરે હરિદ્વારના હરકી પૈડી ખાતે કરવામાં આવશે. સદ્ગત દિવંગત આત્માઓના માનમાં તા. ૧૨મી સપ્ટેમ્બરે સે. ૩૦ મુક્તિધામ ખાતે સવારે ૯ કલાકે પ્રાર્થનાસભા યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા નગરજનોને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે. આ વખતે અસ્થિ વિસર્જનની સેવા વસાહત મહામંડળના મૂક સેવક શશીકાંતભાઈ મોઢા દ્વારા આપવામાં આવનાર છે. જેઓ તા. ૧૨મી સપ્ટમ્બરે ગાંધીનગરથી રેલવે દ્વારા હરિદ્વાર જવા રવાના થશે.

## સેકટર-૨૯ ખાતે રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

કેન્સરના દર્દીઓના લાભાર્થે આગામી તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ ૩૨મો વિના મૂલ્યે નિદાન કેમ્પ અને રકતદાન શિબિરનુંઆયોજન કરવામાં આવ્યુંછે. આ શિબિર નીકી હોસ્પિટલ પ્લોટ નં. ૪૮૪/૨, સે-૨૯ ખાતે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન યોજવામાં આવશે. કેમ્પમાં વિવિધ રોગોના દર્દીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. તેમજ નિદાન પણ કરી આપવામાં આવશે. ઉપરાંત વિના મૂલ્યે ડેન્ટલ ચેક અપનુંપણ આયોજન કરવામાં આવ્યું છે.




ગાંધીનગર પાટનગર હોવાને નાતે કાયદો વ્યવસ્થા સુવ્યવસ્થિત હોય એવી માન્યતાઓ છે, પણ અહીં પણ 'છીડા' જ છે. ઘ-માર્ગ જે શહેર માર્ગ છે અને તે પણ કોર્ટ પરિસર અને મહાનગરપાલિકા ભવન સામે 'શરાબ'ની ખાલી બોટલ મળે તો સવાલ કેટલા ઉઠશે, પણ જવાબ કોઈ આપી શકશે ખરા...? (તસવીર : કશ્યપ નિમાવત)

# સર્વ વિદ્યાલય સંકુલનો સંયુકત શિક્ષક દિન ઉજવાયો

### સંકુલની કોલેજ-શાળાઓમાં ઉજવાયેલા સ્વયં શિક્ષક દિનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા







ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે શિક્ષકદિનની ઉજવણીનો કાર્યક્રમ સે-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષક દિનની ઉજવણીમાં જે વિદ્યાર્થી ભાઈ બહેનોએ આચાર્ય અને શિક્ષકની શ્રેષ્ઠ ભૂમિકા અદા કરી હોય તેમને ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો સહિત શિક્ષકગણ તેમજ શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

શિક્ષકદિનની ઉજવણી ૫ મી સપ્ટેમ્બરે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ પ્રસંગે કરવામાં આવે છે. ગાંધીનગર શહેરની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત પ્રાયમરી, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજ સહિત વિવિધ ઉચ્ચ અભ્યાસક્રમના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરી હતી. ૨૨ સંસ્થાના ૧૦૪૫ વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષક તરીકેની જવાબદારી સ્વીકારી શિક્ષણકાર્ય હાજર વિદ્યાર્થીઓને કરાવ્યું હતું. શિક્ષક દિનની ઉજવણીમાં ભાગ લેનાર વિદ્યાર્થી ભાઈ બહેનોને પ્રોત્સાહન પુરું પડવા શ્રેષ્ઠ શિક્ષક અને આચાર્ય તરીકે જવાબદારી નિભાવી હોય તેમને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવાનો કાર્યક્રમ કડી કેમ્પસ સે-૨૩ ખાતે આવેલા ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ.પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ શિક્ષક સામાન્ય મનુષ્યથી પર નથી. સારા માણસનું ઘડતર ના કરે ત્યાં સુધી શિક્ષક અપૂર્ણ છે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે કલાસરૂમમાં સારું ઘડતર થતું હોય તો ચોકકસ તે વ્યવહારમાં દેખાય છે. તેમજ વિદ્યાર્થીને માત્ર કલાસરૂમનું શિક્ષણ ના આપતા વિદ્યાર્થીઓનો સમગ્ર રીતે વિકાસ થાય તેનું ધ્યાન રખાય છે. આ પ્રસંગે હાજર કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડિયાએ જણાવ્યું હતું કે જે વ્યકિતનું ચારિત્ર્ય સારું, ગુણ સારા, આચરણ સારું હોય તે ગુરુ બની શકે. તેનામાં જ્ઞાની તત્વનો અનુભવ હોવો જોઈએ. આચરણમાં જે પહેલા મુકે તે આચાર્ય કહેવાય. વિદ્યાર્થીઓમાં રહેલી શકિતને બહાર લાવવાની છે. માત્ર ગુણનું જ્ઞાન આપવાનું નથી. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે વિદ્યાર્થીઓ સાથે વાતચીતમાં કહ્યું હતું કે ડોકટર અને શિક્ષક હંમેશા ૨૪ કલાક સેવા આપે છે. રજાઓની માનસિકતામાંથી બહાર આવું પડશે. હંમેશા શિક્ષકની ગરીમા જાળવવી પડશે. કાર્યક્રમમાં હાજર મહેમાનોના હસ્તે સંસ્થામાં શિક્ષક દિન નિમિત્તે કાર્ય કરેલા બેસ્ટ ૨૨ આચાર્ય અને બેસ્ટ શિક્ષકને ટ્રોફી અને પ્રમાણપત્ર તેમજ અન્ય ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. બાળકોને વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષકનું જીવનમાં શું મહત્વ છે તે સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો સહિત શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતાં.

## જન્માષ્ટમી પર્વે યોજાયેલ વેશભૂષામાં પ્રથમ

ગાંધીનગર, તા.૧૦

ગાયત્રી પરિવાર, લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને પૂજન ડાન્સ કલાસના સંયુકત ઉપક્રમે ગાયત્રી મંદિર સે-૧ ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.



તહેવારને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંહતું. ૯ થી ૧૫ વર્ષના બાળકોની વેશભૂષા સ્પર્ધા યોજાઈ હતી. વેશભૂષા સ્પર્ધામાં પરમ પી. શુકલએ પ્રથમ ક્રમાંક મેળવી ઈનામ પ્રાપ્ત કર્યું હતું તે બદલ સમગ્ર સભ્યો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

## ચિરવિદાય

- સ્વ. નાનુબેન ચીમનભાઈ ઠાકોર (ઉ.વ.૫૨)
- સ્વ. અમરતજી શંકાજી ઠાકોર (ઉ.વ.૪૫)
- સ્વ. ધૂળાભાઈ મોહનભાઈ ઠાકોર (ઉ.વ.૭૫
- સ્વ. હર્ષદભાઈ મણીલાલ પટેલ (ઉ.વ. ૭૪)
- નિર્મલ કૌર કિશનસિંઘ (ઉ.વ.૭૫)